# વાર્ષિક પરીક્ષા મહિલામંડળ નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: ૧૦ • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.:૧ સામાયિક – પ્રતિક્રમણને આધારે સવાલના જવાબ લખો : ૧૫**

**અ)** ૧) ખમાસણો એટલે શું ? **(૧)**

**જ:** ૧) ક્ષમાશ્રમણ જે ક્ષમાપૂર્વક તપ કરે તેને ખમાસમણો.

૨) જઘન્ય ૨૦ તીર્થંકર કેવી રીતે થાય છે ? **(૧)**

**જ:** ૨) મહાવિદેહ ની ૩૨ વિજયમાંથી વર્તમાને દર ૮ વિજયે એક તીર્થંકર છે. તેથી એક મહાવિદેહ માં કુલ ૪ તીર્થંકર અને પાંચ મહાવિદેહ માં ૫ × ૪ = ૨૦

૩) ખમત એટલે શું ? ખામણા એટલે શું ? **(૨)**

**જ:** ૩) ખમત એટલે ક્ષમાં માંગુ છું. "ખામણા" એટલે ક્ષમા આપું છું. આ શબ્દો એકબીજાને ખમાવતી વખતે બોલવામાં આવે છે.

૪) સાધુપણાની યાદ કરાવનાર શબ્દો પ્રતિક્રમણમાં ક્યા આવે છે ? તે લખો. **(૨)**
તે શબ્દો જે પાઠમાં આવે છે તેનું નામ લખો.

**જ:** ૪) પાંચમા શ્રમણસૂત્રમાં સમણોડહં, સંજય, વિરય. પાંચમાં શ્રમણસૂત્રમાં. તેનું નામ પ્રતિજ્ઞા સૂત્ર છે.

**બ) પાઠપૂર્તી કરો : (૪)**

૧) તસ્સ .......... સંજયં **(૨)**

**જ:** ૧) તસ્સ સવ્વસ્સ દેવસિયસ્સ અઇયારસ્સ પડિક્કમામિ સમાણોડહં સંજયં

૨) પડિક્કમામિ .......... મિચ્છાએ. **(૨)**

**જ:** ૨) પડિક્કમામિ ખમાસમણાણં, દેવસિયાએ, આસાયણાએ તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ.

**ક) ગુજરાતી માં અર્થ લખો : (૨½)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | સિજ્ઝંતિ | – | સિધ્ધ થાય છે |
| ૨) | પુચ્છણા | – | પુછવું |
| ૩) | ધિજ્જં | – | ધૈર્ય રૂપ |
| ૪) | વહે | – | ત્રસ જીવને લાકડી પ્રમુખનાં પ્રહાર કર્યા હોય |
| ૫) | ઠવણા પાહુડિયાએ | – | ભિક્ષુકો ને દાન આપવા માટે સ્થાપિત કરી રાખેલ ભિક્ષા લેવા વડે |

**ડ) અર્ધમાગધી લખો : (૨½)**

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | રોકી દીધા | – | પડિહય |
| ૨) | પ્રમાદ કરવાથી | – | પમાયા ચરિયં |
| ૩) | બંને કાળ | – | ઉભઓ કાણં |
| ૪) | રખે ઠંડી લાગે | – | માણં સીયં |
| ૫) | અપરાધ થયો હોય. | – | વઈક્કમં |

**પ્ર.: ૨ ડાલાપાલના આધારે જવાબ લખો :** **૧૫**

**અ)** ૧) પરસ્પર અભ્યાસ એટલે શું ? **(૫)**

**જ:** ૧) જે તે રકમને તે જ રકમ વડે તેટલીવાર ગુણા કરવી તેને પરસ્પર અભ્યાસ કહેવાય.

૨) જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સંખ્યાત કોને કહેવાય ?

**જ:** ૨) જઘન્ય સંખ્યાતા - માત્ર બે ની સંખ્યા, મધ્યમ સંખ્યાતા ૩, ૪, ૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક ન્યૂન સુધી ઉત્કૃષ્ટ સંખ્યાતા જઘન્ય પરિત અસંખ્યાત કરતા એક સંખ્યા ન્યૂન.

૩) ૧, ૪ અને ૭ મું અનંતના નામ લખો.

**જ:** ૩) જઘન્ય પરિત અનંત, જઘન્ય યુક્ત અનંત, જઘન્ય અનંતા અનંત જઘન્ય પરિત અનંત તેમાંથી ૧ ન્યૂન ને ઉ. અસંખ્ય.

૪) ઉત્કૃષ્ટ સંખ્યાતા કોને કહેવાય ?

**જ:** ૪) જઘન્ય પરિત અસંખ્યાતા કરતાં એક સંખ્યા ન્યુન. તે સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાતા કહેવાય.

**બ) ખાલી જગ્યા પૂરો :** **(૪)**

૧) સંખ્યાના .......... બોલ છે. તેમાં મુખ્ય .......... પ્રકાર છે.

**જ:** ૧) સંખ્યાના ૨૧ બોલ છે. તેમાં મુખ્ય ૩ પ્રકાર છે.

૨) પાલા .......... પ્રકારના, તેની લંબાઈ - પહોળાઈ ..........

**જ:** ૨) પાલા ચાર પ્રકારના, તેની લંબાઈ - પહોળાઈ ૧ લાખ યોજન

૩) કંદમૂળના એક ટુકડામાં ......... શરીર અને એક શરીરમાં ........ જીવો હોય છે.

**જ:** ૩) કંદમૂળના એક ટુકડામાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવો હોય છે.

૪) એક આવલિકાના સમય .......... જેટલા સમય જાણવા.

**જ:** ૪) એક આવલિકાના સમય જઘન્ય યુક્ત અસંખ્યાત જેટલા સમય જાણવા.

૫) .......... રાશી નથી.

**જ:** ૫) ઉત્કૃષ્ટ અનંત અનંતની રાશી નથી.

**ક)** ૧) શલાકા ભરવાની રીત લખો. **(૩)**

**જ:** ૧) શલાકો પાલો ભરવાની રીત : પ્રથમ અનવસ્થિત પાલો સરસવના દાણાથી શિખા સુધી ભરી અસત્ કલ્પનાથી કોઈ દેવ ઉપાડે અને ૧ દાણો જંબુદ્વીપમાં બીજે દાણો લવણ સમુદ્રમાં એમ એક દ્વિપ અને એક સમુદ્રમાં નાંખે, તે ખાલી થવાના પ્રતિકરૂપે એક દાણો શલાકા પાલામાં નાખે. જ્યાં છેલ્લો દાણો નાંખ્યો હોય, જંબુદ્વીપથી લઈને તે દ્વીપ કે સમુદ્ર સુધી લાંબો પહોળો અને ગોળ નવો અનવસ્થિત પાલો બનાવે, ભરે અને પહેલાંની જેમ ખાલી કરે અને પ્રતિકરૂપે બીજે દાણો શલાકામાં નાખે. આ રીતે ૧ -૧ દાણો દ્વીપ, સમુદ્રમાં નાંખતાં નાંખતાં અનવસ્થિત પાલો ખાલી થતાં દરેક વખતે તેના પ્રતિકરૂપે ૧ દાણો શલાકા પાલામાં નાંખતાં જતાં અને મોટા મોટા અનવસ્થિત પાલા બનાવતા જતાં શલાકા પાલો ભરાઈ જશે.

૨) વૈરાગ્ય બિંદુના ૩ મુદ્દા લખો. **(૩)**

**જ:** ૨) વૈરાગ્ય બિંદુ ના ત્રણ મુદ્દા : ૧) પાણીના એક ટીપામાં અસંખ્ય પર્યાપ્તા જીવ હોય છે. ૨) નરકના એક પલ્યોપમ ના આયુષ્યમાં અસંખ્ય વર્ષો પસાર થઈ જાય છે. આપણે એવા કેટલા પલ્યોપમ અને સાગરોપમ વર્ષો નરક માં પસાર કરી આવ્યા. ૩) જુગલિયા નું ૧ પલ્ય કે ૩ પલ્ય આયુષ્ય એટલે કેટલા અસંખ્ય વર્ષો થાય.

**પ્ર.: ૩ પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો :** **૧૫**

**અ)** ૧) પુદ્ગલ પરાવર્તન એટલે શું ? તેનો કાળ કેટલો ? **(૧$^{૧}/_{૨}$)**

**જ:** ૧) **જીવ દ્વારા લોકમાં રહેલાં સર્વ પદ્ગલો ને તે તે રૂપે ગ્રહણ કરીને છોડવા તે પદ્ગુલ પરાવર્તન કહેવાય. તેનો કાળ અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી.**

૨) બાદર પુદ્ગલ પરાવર્તન સમજાવો ? **(૧$^{૧}/_{૨}$)**

**જ:** ૨) **એક જીવ પોતાના મરણ દ્વારા ઉત્સર્પિણી અને અવસર્પિણી સમસ્ત સમયો વિના ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે. તેને બાદરકાળ પુદ્ગલ પરાવર્તન કહે છે.**

૩) આહારક વર્ગણાનું પુદ્ગલ પરાવર્તન કેમ નથી થતું ? **(૧)**

**જ:** ૩) **આહારક શરીર એક જીવને વધુમાં વધુ સંપૂર્ણ સંસારકાળમાં ચાર જ વાર પ્રાપ્ત થાય છે. તેથી.....**

**બ) ખાલી જગ્યા પૂરો :** **(૪)**

૧) પુદ્ગલ પરાવર્તનના ભેદ .......... છે તે દરેકના .......... ભેદ છે.

**જ:** ૧) **પુદ્ગલ પરાવર્તનના ભેદ ૪ છે તે દરેકના ૨ ભેદ છે.**

૨) દ્રવ્ય પુદ્ગલ પરાવર્તનના .......... ભેદ છે.

**જ:** ૨) **દ્રવ્ય પુદ્ગલ પરાવર્તનના ૭ ભેદ છે.**

૩) ગ્રહણ યોગ્ય વર્ગણા .......... છે.

**જ:** ૩) **ગ્રહણ યોગ્ય વર્ગણા ૮ છે.**

૪) સર્વ જીવોએ ચોવીસે દંડકમાં તેજશ, કાર્મણ અને શ્વાસોચ્છવાસ પુદ્ગલ પરાવર્તન.......... વાર કર્યા તેના .......... પ્રશ્નો થાય.

**જ:** ૪) **સર્વ જીવોએ ચોવીસે દંડકમાં તેજશ, કાર્મણ અને શ્વાસોચ્છવાસ પુદ્ગલ પરાવર્તન અનંત વાર કર્યા તેના ૭૨ પ્રશ્નો થાય.**

૫) કાળથી સર્વથી થોડા .......... નો કાળ છે અને સર્વથી વધુ .......... નો કાળ છે.

**જ:** ૫) **કાળથી સર્વથી થોડા કાર્મણ નો કાળ છે અને સર્વથી વધુ વૈક્રિય નો કાળ છે.**

**ક)** (૧) વૈરાગ્ય બિંદુના ૨ મુદ્દા : **(૨)**

**જ:** ૧) **વૈરાગ્ય બિંદુ : ૧) દુનિયામાં દેખાતી દુર્ગંધી વસ્તુઓ જેની પાસે ઉભા રહેવા તૈયાર નથી તે જ પુદ્ગુલ અનંતીવાર આપણા ઔદારિકરૂપે ભૂતકાળમાં હતા. ૨) દુનિયામાં દેખાતી ખરાબ વર્ણવાળી વસ્તુઓ જે પુદ્ગલ ની છે તે જ પુદ્ગલ અંનતી વાર આપણાને ઔદારિક શરીરરૂપે ભૂતકાળ માં હતા.**

(૨) પુદ્ગલ પરાવર્તન કયા સૂત્રનું કેટલામું શતક, કેટલામો ઉદ્દેશો તે લખો. **(૨)**

**જ:** ૨) ભગવતી સૂત્ર, શતક - ૧૨, ઉદ્દેશો - ૪

(૩) સર્વ જીવાએ કેટલા પૂદ્ગલ પરાવર્તન કર્યા છે, તેનો અલ્પબહુત્વ લખો. **(૩)**

**જ:** ૩) **૧) સર્વ જીવે સર્વથી થોડા વૈક્રિય પુદ્ગલ પરાવર્તન કયા ૨) તેથી વચન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા ૩) તેથી મન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા ૪) તેથી શ્વાસોશ્વાસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા ૫) તેથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન અનંતગુણા ૬) તેથી તેજસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા ૭) તેથી કામણ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા**

**પ્ર.:૪ અ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો :** **૧૩**

૧) જીવ કેટલા પ્રકારે ઉત્પન્ન થાય ? તેનાં નામ લખો (૧)

**જ:** ૧) જીવ બે પ્રકારે ઉત્પન્ન થાય છે ૧) સઅંતર ૨) નિરંતર

૨) કેટલા પ્રકારે જીવ આયુષ્ય બાંધે તેનાં નામ લખો (૧)

**જ:** ૨) જીવ બે પ્રકારે આયુષ્ય બાંધે છે . ૧) સો પક્રમી ૨) નિરૂપક્રમી

૩) અપવર્તનીય - અનપવર્તનીય આયુષ્યનું બીજું નામ લખો . (૧)

**જ:** ૩) અપવર્તનીય આયુષ્ય નું બીજું નામ સોપક્રમી અનપવર્તનીય નુ બીજું નામ નિરૂપક્રમી

૪) નિધ્ધત આયુષ્યના ૩૦૦ ભાંગા લખો . (૨)

**જ:** ૪) ૧ સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેક જીવ ઉપરના છ બોલનો બંધ કરે તેથી ૨૫ × ૬ = ૧૫૦ ભાંગા થાય તેવીજ રીતે ૧ સમુચ્ચય જીવ અને ૨૪ દદંકના ઘણા જીવો છ બોલનો બંધ કરે તેથી ૨૫ × ૬ = ૧૫૦ ભાંગા ૧૫૦ + ૧૫૦ = ૩૦૦ ભાંગા થાય.

**બ) ખાલી જગ્યા પૂરો :** **(૪)**

૧) પાંચ સ્થારમાં જીવો .......... ઉપજે અને .......... નીકળે .

**જ:** ૧) પાંચ સ્થારમાં જીવો નિરંતર ઉપજે અને નિરંતર નીકળે .

૨) .......... નો અંતિમ ભવ હોય તો આયુષ્ય .......... જ હોય છે .

**જ:** ૨) મનુષ્ય નો અંતિમ ભવ હોય તો આયુષ્ય નિરૂપક્રમી જ હોય છે .

૩) .......... બોલ સાથે જીવ આયુષ્ય નિધ્ધત કરે છે .

**જ:** ૩) છ બોલ સાથે જીવ આયુષ્ય નિધ્ધત કરે છે .

૪) .......... સૂત્ર .......... પદનો અધિકાર છે . આયુષ્યના ૧૮૦૦ ભાંગા .

**જ:** ૪) પન્નવણા ૫૬ સૂત્ર ૬ પદનો અધિકાર છે . આયુષ્યના ૧૮૦૦ ભાંગા .

૫) .......... એટલે આકર્ષણ થવું .

**જ:** ૫) આક્રર્ષ એટલે આકર્ષણ થવું .

**ક)** ૧) આકર્ષનો અલ્પબહુત્વ લખો : **(૨)**

**જ:** ૧) આકર્ષનો અલ્પબહુત્વ : સર્વથી થોડા (અનંત) જીવ આઠ આકર્ષે કરી જાતિ નિધ્ધત આયુષ્ય ને બાંધનારા તેથી સાત આકર્ષે કરી આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી છ આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી પાંચ આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી ચાર આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી ત્રણ આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી બે આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા, તેથી એક આકર્ષે આયુષ્ય બાંધનાર સંખ્યાતગુણા.

૨) નીચેના જીવોને કયું આયુષ્ય હોય ? (૨)

**જવાબ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ૩ પલ્યનો હાથી | - | નિરૂપક્રમી |
| ૨) | વિકલેન્દ્રિય જીવો | - | સોપક્રમી |
| ૩) | સાધુ | - | બન્ને |
| ૪) | સિમંધર સ્વામી | - | નિરૂપક્રમી |

**પ્ર.:૫ વિરહ પદને આધારે જવાબ લખો : ૧૨**

**અ)** ૧) ૨૪ મુહૂર્તનો વિરહ હોય તેના ફક્ત નામ લખો. **(૨)**

**જ:** ૧) પહેલી નરકનો, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી ૧, ૨ દેવલોક અને મનુષ્ય સંમુચ્છિમ માં વિરહ ૨૪ મુહૂર્તનો હોય

૨) જઘન્ય ૧ સમય ન હોય તેવા વિરહના ફક્ત નામ લખો. **(૨)**

**જ:** ૨) ચંદ્રગ્રહણનો વિરહ, સૂર્યગ્રહણનો વિરહ, સમુચ્ચયગ્રહણનો વિરહ, ભરતઇરવતમાં તીર્થંકર, ભરત ઇરવત માં ૪ તીર્થ, ભરત ઇરવતમાં સામયિક છેદો પસ્થાનીય ચારિત્ર, ભરત ઇરવતમાં પરિહાર વિશુધ્ધ ચારિત્રનો વિરહ.

૩) કયા પદમાં વિરહ નથી ? **(૧)**

**જ:** ૩) સ્થાવર માં વિરહ નથી

**બ) ઉત્કૃષ્ટ વિરહ લખો : (૫)**

૧) ઇરવત ક્ષેત્રના ૪ તીર્થ, લાતંકદેવ, નૂતન શ્રાવક, વિકલેન્દ્રિય.

**જ:** ૧) દેશ ઉણા ૧૮ ક્રો. ક્રી. સાગર, ૨) ૨૨ ½ દિવસ નો ૩) ૧૨ દિવસ ૪) અંતમુહતનો

૨) વૈરાગ્યના બિંદુના ૨ મુદ્દા :

**જ:** ૨) વૈરાગ્ય બિંદુ ના બે મુદ્દા : ૧) જગતમાં પુણ્ય કરનારા પણ ઘણાજ છે. તેથી જ બાર મુહુર્તે એક જીવ દેવગતિ માં આવે જ છે વિચારો આપણો નંબર પુણ્ય કરનારા માં કે પાપ કરનારા માં છે. ૨) છ મહિને એક જીવ મોક્ષે જાય છે ? છતા અનંતવાર આવા છ મહિના પસાર થઈ ગયા તો આપણો નંબર ન લાગ્યો ? કેટલા છ મહીના હજી કાઢવા છે.

**ક) ખાલી જગ્યા પૂરો : (૩)**

૧) .......... મહિને એક જીવ અવશ્ય .......... જાય અને .......... મહિને એક જીવ અવશ્ય .......... નરકે જાય છે.

**જ:** ૧) છ મહિને એક જીવ અવશ્ય મોક્ષ જાય અને છ મહિને એક જીવ અવશ્ય સાતમી નરકે જાય છે.

**પ્ર.:૬ સંસ્કાર વિભાગ : ૧૦**

**અ) પ્રશ્નોના જવાબ લખો : (૪)**

૧) ભૂલ માફ કરવાથી શેનો લાભ ?

**જ:** ૧) કોઈની ભૂલ માફ કરવાથી તપ દ્વારા નિર્જરા તથા સંવર નો લાભ મળે.

૨) વસ્તુ બગડી જાય અને શોક કરીએ તો શું નુકસાન થાય ?

**જ:** ૨) વસ્તુ બગડી જાય તો શોક કરવાથી અશાંતિ થાય, સંબંધો માં તિરાડ પડે. ઘણાં કર્મનો બંધ થાય માટે શોક ન કરવો

૩) આત્માને નુકસાન કેવી રીતે થાય ?

**જ:** ૩) વસ્તુ બગડી જાય તો આત્માને નુકશાન નથી પરંતુ ભાવ બગડે તો જરૂર નુકશાન છે.

**બ)** ૧) મનની દુર્લભતા સમજાવો –૩ મુદ્દા. **(૧½)**

**જ:** ૧) મનની દુર્લભતા ના ૩ મુદ્દા : અનંતા એકેન્દ્રિય અસંખ્યાતા વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય ને મન મળ્યુ જ નથી ૨) અસંખ્ય નારકીને મન મળ્યું છે પણ ધર્મનું ક્ષેત્ર નથી મળ્યું. ૩) અસંખ્ય દેવતા ને મન મળ્યું છે પણ ધર્મની પૂર્ણ સાધના કરી શકતાં નથી.

૨) કાયા પર કાબૂ કઈ રીતે રાખવો – ૨ મૂદ્દા. **(૧½)**

**જ:** ૨) કાયા પર કાબુ કઈ રીતે રાખવો ૨ મુદ્દા : ૧) સુખ સગવડતાનાં સાધનો ઓછાં ઉભાં કરવાં ૨) શરીરને કસવું જેથી દરેક સંયોગો માં સમભાવ રહે.

**ક) ખાલી જગ્યા પૂરો :** **(૩)**

૧) .........જીવનને શણગારે છે. .........જીવનને સળગાવે છે.

**જ:** ૧) વિવેકી ભાષા જીવનને શણગારે છે. અવિવેકી ભાષા જીવનને સળગાવે છે.

૨) આપણા જીવનના .........આપણે જ છીએ.

**જ:** ૨) આપણા જીવનના શિલ્પી આપણે જ છીએ.

૩) .........નામકર્મના ઉદયે, અનંતા જીવો વચ્ચે એક જ શરીર હોય છે.

**જ:** ૩) સાધારણ નામકર્મના ઉદયે, અનંતા જીવો વચ્ચે એક જ શરીર હોય છે.

૪) ઉપાશ્રયમાં પ્રવેશતા .........વાર .........શબ્દ બોલવો.

**જ:** ૪) ઉપાશ્રયમાં પ્રવેશતા ત્રણ વાર નિસ્સહિ શબ્દ બોલવો.

**પ્ર.: ૭ કથા વિભાગને આધારે જવાબ લખો :** **૧૦**

૧) તેતલી પુત્રએ મરવાના કયા કયા પ્રયત્ન કર્યા ? **(૨)**

**જ:** ૧) તેતલી પુત્રએ મરવા માટે અનેક પ્રયત્ન કર્યા ૧) તેમણે તાલપૂર નામનું કાતિલ ઝેર ચૂસી લીધુ. ૨) તેતલીપુત્રે તલવાર નો પ્રહાર પોતાના ગળા પર કર્યો ૩) અશોક વાટિકા માં જઈને દોરડા નો ફાંસલો કરી પોતાના ગળામાં નાખી ઝાડ પર લટકી ગયા. ૪) વજનદાર પત્થર ડોકપર બાંધી પાણીમાં કુદકો માર્યો. ૫) સૂકા ઘાસના ઢગલામાં આગ લગાડી બળતી અગ્નિમાં કુદી પડ્યા.

૨) તેતલીપુત્રને કયું જ્ઞાન ઉત્પન્ન થયું ? તેમાં શું જોયું ? **(૨)**

**જ:** ૨) તેતલીપુત્રને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. તેમાં તેમણે પૂર્વાભવમાં પોતે મહાપતિ નામે રાજા હતા. પોતે દીક્ષા લઈ ૧૪ પૂર્વનો અભ્યાસ કરી ઘણાવર્ષ સાધુપણું પાળી એકમાસનો સંથારો કરી સાતમાં મહાશુક દેવલોકમાં ઉત્પન્ન થયા હતા તે જોયુ.

૩) જીવો સૂતા સારા કે જાગતા સારા ? શા માટે ? **(૨)**

**જ:** ૩) જે જીવ અધાર્મિક, અધર્મનું અનુકરણ કરનાર અધર્મદ્રિય, અધર્મનું કથન કરનાર છે. તે જીવો સૂતાં રહે તે સારૂ તે જાગતા હોય તો અનેક પ્રાણી, ભૂત, જીવ અને સત્વના દુઃખ, શોક, કે સંતાપ નું કારણ બને છે. જે જીવો ધાર્મિક, ધર્મ નું અનુસરણ કરનાર ધર્મપ્રિય, ધર્મ નું કથન કરનાર છે. તે જાગતા રહે તે સારૂં તેઓ અનેક પ્રાણી, ભૂત, જીવ અને સત્વના દુઃખ શોક કે સંતાપ નું કારણ બનતા નથી તેઓ પોતાને અને પર ને તથા સ્વપરને ધર્મ માં જોડે છે. તેથી અમુકજીવો સૂતાં સારા અમુક જીવો જાગતા સારા.

૪) તામલી તાપસ છઠ્ઠનું પારણું કેવી રીતે કરતા ? નિયાણું શા માટે ન કરવું ? **(૨)**

**જ:** ૪) તામલી તાપસ ભિક્ષામાં રાંધેલા ભાત (ચોખા) લઈ આવતા અને તેને ૨૧ વાર પાણીથી ધોઈને તેનો આહાર કરતાં. નિયાણુ કરવાથી ફળની મર્યાદા બંધાઈ જાય છે. તે તપનું અવમૂલ્યન કરે છે. નિયાણારહિત કરેલી તપસાધના ફળની સિધ્ધિ કરાવે છે.

૫) તેતલીપુત્ર, જયંતિ શ્રાવિકા અને તામલીતાપસનો અધિકાર કયા આગમમાં છે ? **(૨)**

**જ:** ૫) તેતલીપુત્ર જ્ઞાતાધર્મકથાસૂત્ર, જયંતિ શ્રાવિકા, અને તામલીતાપસ ભગવતીસૂત્રમાં આવે છે.

**પ્ર.:૮ કાવ્ય વિભાગને આધારે કાવ્યપૂર્તિ કરો : ૧૦**

૧) દેવતા .........ચોર્યાશી

**જ:** ૧) દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર લાખ પ્રકાશી
ચોદ લાખ મનુષ્યના, એમ લાખ ચોર્યાશી .......તે મુજ

૨) ચાડી .........ભરોસો

**જ:** ૨) ચાડી કીધી પારકી , કીધો થાપણ મોસો,
કુદેવ, કુગુરુ, કુધર્મ નો, ભલો આણ્યો ભરોસો .......તે મુજ

૩) કુંભાર .........ભરાવ્યાં

**જ:** ૩) કુંભાર ના ભવે જે કીધાં, કાચાં નિંભાડા પકવ્યાં,
તેલી ભવે તલ પીલ્યાં પાપે પિંડ ભરાવ્યાં .......તે મુજ

૪) છીપાના .........અભ્યાસ

**જ:** ૪) છીપાના ભવે છેતર્યા, કીધાં રંગણ પાશ,
અગ્નિ આરંભ કીધા ઘણાં, ધાતુર્વાદ અભ્યાસ .......તે મુજ

૫) ખાડંણ .........વિશેષ

**જ:** ૫) ખાડંણ પીસણ ગારનાં, આરંભ કીધા અનેક,
રાંધણ ઇંધણ અગ્નિનાં, કીધાં પાપ વિશેષ .......તે મુજ

|| જય જિનેન્દ્ર ||